

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*અસહ્ય સહનશક્તિથી સેના માર ખાય છે,*
*ઉશ્કેરાટ વિના આપણી સીમા હાર ખાય છે,*
*વાર થાય છે જવાબતોડ જવાબ આપતાં -*
*ત્યાં સુધી તો અનેક 'શહિદો' ઠાર થાય છે...*

હાઈકુ

*માલ્યાઓ માટે*
*બેન્ક બની છે હવે -*
*સોનાની ખાણ -*
*(બેન્કનો સાથ, નફફટોનો વિકાસ)*

*ખેતીનું પાણી,*
*ઉદ્યોગો જાય તાણી -*
*નર્મદા લ્હાણી...*
*(ચૂંટણી ભંડોળે આણી)*

### ચિંતન

**અગ્નિવદ્રાજાનમાશ્રયેત ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**રાજાનો આશ્રય અગ્નિના આશ્રય સમાન છે.**

**જેમ તાપણામાંથી ઉષ્મા મેળવવાનો પ્રયત્ન કરતી વખતે હાથ દાઝી ન જાય એની સાવધતા રાખવી પડે છે એમ રાજાનો આશ્રય લેતી વખતે પણ સાવધ રહેવું જરૂરી છે. કારણ કે અગ્નિ જેમ સળગાવી મૂકે છે તેમ રાજાની અતિ સમીપતા ક્યારેક લાભકારક બનવાને બદલે હાનિકારક પણ બની શકે છે. આથી સજ્જન અને શક્તિશાળી રાજા સાથે જ મિત્રતા કેળવવી જોઈએ.**

**વજુભાઈ વાળા, પુરુષોત્તમ રૂપાલા આનંદીબહેન, નીતિનભાઈ પટેલ વગેરે પ્રધાનશ્રીઓ એ 'તાપણા'નો લાભ લીધો પણ અંતે દાઝ્યા !!**

### સુવિચાર

- પરપીડક હોવું એ આસુરી છે, પરોપકારી હોવું તે દૈવી છે - **જી. નારાયણ**
- અક્રોધથી જીતો ક્રોધ, સાધુત્વ એ અસાધુને, લોભ જીતો દાન વડે, સત્ય વડે અસત્યને - **ધમ્મપદ**
- જિંદગીના ફેફસામાં માનવતાની હવા જ બારે મહિના હું શ્વાસમાં લેવા સંકલ્પ કરું છું - **જસ્ટીસ લેન્ટિન**
- 'મોક્ષ' એટલે અહંકાર ને ગળી જવો - **વિનોબા**
- જંગલોની ઉત્પત્તિ છેવટે તો એક નાનકડા બીજમાંથી જ થઈ હોય છે - **આફ્રિકન કહેવત**
- 'તમે અને તમારું' એનું નામ 'જ્ઞાન' અને 'હું અને મારું' એ 'અજ્ઞાન' - **પરમહંસ**
- આજનું ઔષધ : એરંડાના પાનનો રસ તથા મધ ભેગા કરી સવાર સાંજ નાની ચમચી જેટલો આપવાથી કરમિયા મટે છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

લડાઈમાં પૃથ્વીરાજ ઘવાયો. પૃથ્વીરાજના ઘણા સૈનિકો ઘવાયા. રાજા લોહીલોહાણ પડ્યો હતો અને બેહોશ થવાની તૈયારીમાં હતો. આકાશમાં ગીધ પણ જાણે મિજબાની માટે ભેગા થવા લાગ્ય હતા. ત્યાં એમનો એક વફાદાર સૈનિક થોડી દૂર ઘવાયેલે પડ્યો હતો. ગીધ પૃથ્વીરાજ ઉપર ત્રાટકવાની તૈયારી જ કરતા હતા ત્યાં પેલા સૈનિકે પોતાની તલવારથી પોતાના શરીરના પગમાંથી માંસના ટુકડા કાઢી ગીધોને પોતાની તરફ આકર્ષયા જેથી કરીને પૃથ્વીરાજ જીવતા રહી શકે. વફાદાર સૈનિક માલિકની દુર્દશા જોઈ શકતો ન હતો. પોતે આમ પણ હવે મરવાની અણી ઉપર હતો. સૈનિકે વિચાર્યું કે ભલે હું મરું તો મરું પણ મહારાજ જીવી જશે તો મારા જેવા સેંકડો સૈનિકો ને જિવાડશે. પોતે જાતે જાણે ગીધ ને માટે આહાર બની ગયો.

એટલામાં નવા લડાયક સૈનિકો આવ્યા એમણે પૃથ્વીરાજને ઓળખ્યા અને ઉપચાર માટે લઈ ગયા. જ્યારે ભાનમાં આવ્યા ત્યારે એમને પણ નવાઈ લાગી. તેમને પેલા વીર સૈનિક સંગ્રામસિંહની પણ વાત જાણવા મળી. પૃથ્વીરાજે સંગ્રામસિંહના કુટુંબીજનોને બોલાવી એમને મોટી જાગીર આપી ઋણ ચૂકવ્યું.

# રમત સાથે રાષ્ટ્રવાદ જોડવો જરૂરી નથી

**તંત્રીસ્થાનેથી...**

કમનસીબે આપણે રમતને રમત તરીકે જોવા ટેવાયા જ નથી. જે એટલી પરિપક્વતા આવી હોત તો આપણા દેશની ટીમની કારમી હારથી આપણે નિરાશામાં ન સરી પડ્યા હોત અને ઘરનાં જ ટીવી સૅટ ફોડવા સુધીની મૂર્ખતા ન કરી બેઠા હોત. વળી બે દેશો વચ્ચેના રાજકીય સંબંધો તંગ હોય એથી બે દેશોના ખેલાડીઓ એકમેકના દેશમાં જઈ રમી ન શકે, એવો નકારાત્મક માહોલ પણ ન સરજાયો હોત. આપણી પ્રજા એ દૃષ્ટિએ જોતાં તદ્દન અપરિપક્વ જ ગણાય. એને મન ક્રિકેટની ટ્રોફી એ બે દેશો વચ્ચેના યુદ્ધનું જ પ્રતીક બની ગઈ છે. આવા બાલિશ અભિગમને કારણે આપણી ટીમના વિજય માટે આગોતરા હોમહવન શરૂ થઈ જાય છે, ખેલાડીઓના ઉત્સાહવર્ધન માટે કેવા કેવા તાયફા રચાય છે! ટીવી ચેનલોથી લઈ પ્રિન્ટ મીડિયા અને સોશિયલ મીડિયા પણ ચોવીસે કલાક એક જુદો જ નશો છવાઈ જાય છે. આટલા ઉધામા પછી જો જીત મળે તો ઠેર ઠેર દિવાળી ઉજવયા છે, ફટાકડા ફૂટે છે; પરંતુ ચેમ્પિયન ટ્રોફીમાં મળી એવી હાર મળે ત્યારે મોઢું સંતાડવાની નોબત આવી જાય છે. જે ખેલાડીઓ પાસે શ્રેષ્ઠ પરફોર્મન્સની અપેક્ષા રાખી હોય એમને જ ધબકડો વાળ્યો એવું તારણ કાઢી એમના પર નફરત વરસાવવામાં આવે છે. શું કોઈ પણ ખેલાડીને હારવું ગમે ખરું ? પરંતુ રમતમાં તો જેમ જીત થાય એમ હાર પણ થઈ શકે. ખેલદિલીપૂર્વક એ હાર પચાવવાની તૈયારી રાખી પડે. જેને હાર પચતી ન હોય એણે રમતમાં ભાગ જ ન લેવો જોઈએ. બધા ખેલાડી અને બધી ટીમોનું છેલ્લું લક્ષ્ય ફક્ત વિજય ન હોવું જોઈએ. વિજય અને પરાજય બેઉ આખરે એક જ સિક્કાની બે બાજુઓ જેવી બાબતો છે. અંતિમ લક્ષ્ય તો રમત રમવાનો આનંદ જ હોવો જોઈએ. પરંતુ આપણે તો રમતને યુદ્ધનો પર્યાયવાચી શબ્દ બનાવી દીધેલ છે. એમાંય જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમવાની હોય ત્યારે તો જાણે સરહદ પર સાચુકલું યુદ્ધ છેડાઈ ગયું હોય એવું વાતાવરણ સરજાઈ જાય છે. આ પ્રકારનો રાષ્ટ્રવાદ એ કોઈ પરિપક્વ સમજણવાળો રાષ્ટ્રવાદ નથી બલકે અર્ધદગ્ધ વિચારસરણીનો ઊભરો છે. ક્રિકેટમાં પરાજય અને હૉકીમાં વિજય - આમ થોડુંક સંતુલન જળવાયું, એથી આપણા રમતપ્રિય પ્રજાજનોનો ઈગો કાબૂમાં રહ્યો છે. નહીંતર કોણ જાણે બિચારા કોહલી અને ધોનીની તસવીરોની શી વલે થઈ હોત! આશ્ચર્ય એ વાતનું છે કે આ લબરમૂછિયાં છોકરડાંને અને કચકડાનાં નટનટીઓને આપણે રોલમોડેલ બનાવી બેઠા છીએ. આપણા સાચા નાયકો અને મહાનાયકોને તો આપણી નવી પેઢી હાંસિયે ધકેલી ચૂકી છે. કોહલી કે રણવીર અથવા દીપિકા પાદુકોણ કરતાં ઘણું મોટું અને દીર્ઘકાલીન પ્રદાન આપણા ઈસરોના વૈજ્ઞાનિકોનું અને સાહિત્યકારોનું છે. એમને તો આપણે સપનામાં પણ સંભારતા નથી!

# અન્યોની પ્રગતિ પર દુઃખી થનારા પોતે મેળવેલી સિધ્ધિનો આનંદ લઈ શકતા નથી



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
**ડૉ. સંતોષ દેવકર**

"હું તમને જે રોજી ચૂકવું છું એ તમારી સાથે નક્કી થયા પ્રમાણેની જ છે કે નહી ? પછી તમને વાંધો કયાં છે ? " શેઠ થોડી કડકાઈથી બોલ્યા હતા.

મોટા ભાગનાં વિદેશમાં વસતા એન.આર.આઈ. પોતાના મૂળદેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના ધરાવતાં હોય છે. તેમાંના એક શેઠે પોતાના વતનનાં ગામમાં એક મંદિર બનાવ્યું હતું. મંદિર પૂર્ણતાને આરે હતું. થોડુંક બાકી હતું અને પાંચમા દિવસે શેઠેની ફલાઈટ હતી. તેમણે કોન્ટ્રાકટરને બોલાવી ઝડપથી કામ પૂરું કરવા જણાવ્યું. ચાર દિવસમાં કામ પૂરું કરવાનું હતું.

પહેલા દિવસે અમુક મજૂરો અને કારીગરોને બોલાવ્યાં, પરંતુ લાગ્યું કે કામ પૂરું નહિ થાય. બીજા દિવસે હજી કેટલાંક મજૂરોને બોલાવ્યાં. વળી પાછું લાગ્યું કે કામ બાકી રહી જાય તેથી ત્રીજા દિવસે પણ કેટલાંક મજૂરોને કામ ઝડપથી અને સમયસર પૂરું કરવાં બોલાવી લીધાં. દરેકને કામ પર મૂકતાં પહેલાં મજૂરી નક્કી કરી લીધેલી.

ચોથા દિવસે સાંજે કામ પૂરું થઈ શકયું. શેઠ મજૂરી ચૂકવતાં હતા ત્યારે પહેલાં દિવસે આવેલા મજૂરોએ વાંધો ઉઠાવ્યો. તેમનું કહેવું હતું કે બીજા અને ત્રીજા દિવસે આવેલા મજૂરોને પણ પોતાના જેટલી જ સરખી જ રકમ ચૂકવાઈ રહી છે.

આજ રીતે બીજા દિવસે આવેલા મજૂરોએ ત્રીજા દિવસે આવેલા મજૂરો સામે વાંધો ઉઠાવ્યો. તેઓ ઈચ્છતાં હતા કે ત્રીજા દિવસના મજૂરોની રકમ ઓછી હોવી જોઈએ.

શેઠે પહેલા દિવસવાળા મજૂરોને બોલાવીને પૂછયું કે તમને નક્કી કર્યા મુજબની મજૂરી ચૂકવાય છે પછી વાંધો શું છે ? એજ રીતે બીજા અને ત્રીજા દિવસવાળા મજૂરોને પણ પૂછયું.

બધા મજૂરોએ શેઠને કહયું કે, અમારી રોજીની રકમ તો નક્કી થયા પ્રમાણે જ ચૂકવાય છે. પરંતુ બીજાઓએ ઓછુ કામ કર્યુ હોવા છતાં તમે એક સરખી જ રકમ ચૂકવો છો એ અમને ગમતું નથી.

માણસને જે મળે છે તેનો વાંધો નથી હોતો પરંતુ બીજાઓને પોતાના જેટલું જ મળે છે તેની સામે વાંધો હોય છે. હું દસ લાખની ગાડી ફેરવું તો મને ગમે પણ પાડોશી પણ દસ લાખની ગાડી લઈ આવે તેની સામે અણગમો છે. જગત આખુ સરખામણીપર ટકેલું છે. કમ્પેરીઝનના પાયા પર સુખ દુઃખના આયામો નક્કી થતાં હોય છે. મારા એંસી ટકા આવ્યા તો આનંદપ આનંદ ; પરંતુ જો પાડોશીની દીકરીના પણ એંસી ટકા આવ્યા તો મારો એ આનંદ સેકંડોમાં ઓગળી જાય છે.

માણસના સ્વભાવની અતિ વિચિત્રતા એ છે કે પોતાને જે મળે છે એનો એને જરાય અસંતોષ નથી પરંતુ બીજાને પણ પોતાના જેટલું જ મળી જાય છે એનો અસંતોષ છે.

તુ મને ચાહે તો મને ગમે, પણ તું કોઈ પરિચિત પ્રત્યે સદ્ભાવ રાખે એ મને જરાય મંજૂર નથી. દુઃખી એ નથી કે જેની પાસે ખૂબ બધા પૈસા નથી, દુઃખી એ પણ નથી કે જેની પાસે મોટી જમીન નથી. દુઃખી એ છે જે ઈર્ષાની આગમા બળી રહ્યો છે. ઈર્ષાની આગ બહારથી તંદુરસ્ત લાગતા માનવી ને અંદરથી ખોખલો કરી નાખે છે. બીજાનુ સુખ ન જોઈ શકે તે ઈર્ષાળુ. પોતાને શું અને કેટલું મળ્યું છે તેનું મહત્વ સમજવાનુ ચૂકી જવાય જ્યારેબીજાને કેટલું અને કેવું મળ્યું છે તેનું મહત્ત્વ વધારે હોય છે. સુખી કે દુઃખી થવાનો આધાર બીજાને કેટલું ને કેવું મળે છે તેના પર નિર્ભર હોય છે.! અન્યોની પ્રગતિ પર દુઃખી થનારા પોતે મેળવેલી સિધ્ધિનો આનંદ લઈ શકતા નથી પરંતુ હંમેશને માટે દુઃખી થવાનો પરવાનો મેળવી લેતા હોય છે. જીવન જીવવાનો સાચા અભિગમ ની સમજના અભાવે દુઃખી થયે જ છૂટકો !!


***મિસરી***

**' બસ એટલી સમજ**
**મને પરવર દિગાર દે**
**સુખ જ્યારે જ્યાં મળે**
**ત્યાં બધાના વિચાર દે '**

**(મરીઝ)**

- santoshdevkar03@gmail.com

# થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં, પ્હાડોનાં હાડ મારા પિંડમાં





**વિચારયાત્રા**
**ડૉ. જય ઓઝા**

કાન્હાથી ૩૦૦ કિ.મી. દૂર પચમઢી ગયા. આપમને પંચમઢી - બોલવાની આદત છે. પરંતુ તેનો ઉચ્ચાર ખરેખર પચમઢી છે...

૧૮૫૭માં કેપ્ટન ફારસોથે આદિવાસીઓ સાથે મળીને આ પચમઢી (મઢી = ગુફા) પાંચ ગુફાઓ વાળા સ્થળની શોધ કરી હતી. વાસ્તવમાં બૌદ્ધ ભિક્ષુઓ આ પાંચ ગુફાઓમાં બેસીને ધ્યાન કરતાં તે ઉપક્રમથી બતાવેલી, અથવા રચાયેલી આ ગુફા છે, પરંતુ હંમેશની જેમ આપણે કોઈ બાબતનો ધર્મ સાથે ખાસ કરીને રામાયણ મહાભારત સાથે જોડવામાં અવ્વલ છીએ. જેમાં કાંઈ ખોટું નથી! તેના કારણો સર આ પાંચ ગુફાઓને પાંડવગુફા નામાભિધાન કરવામાં આવ્યું અને... અજ્ઞાતવાસ દરમિયાન પાંડવો અહીં પણ આવ્યા હતા તેવું સાંભળી દેખાયું. આનુ નિર્માણ ઈસા પૂર્વ છઠ્ઠી સાતમી સદીમાં થયાનું મનાય છે.

પચમઢીનું સૌથી આકર્ષક સ્પોટ 'બી' ફોલ છે... 'Bee' Fall ભાગ્યે જ કોઈ પર્યટક આ ૧૫૦ ફુટ ઊંચાઈથી... પડતા આ ધોધ નીચે સ્નાન કર્યા વગર રહ્યું હશે...

અહીં ખૂબ જ મધમાખીઓ હોવાથી આનું નામ 'Bee' Fall રાખવામાં આવ્યું... અહીંનું મધ પણ ખૂબ જ પ્રખ્યાત છે. અને સ્વાદમાં આ મધ થોડું તુરું હોય છે. કારણ કે મધમાખીઓ ઔષધીય વનસ્પતિના ફુલના રસથી મધ તૈયાર કરે છે, જેને કારણે આ મધનું ઔષધીય મહત્ત્વ વધુ છે.

બીજો સ્પોટ - રીજગઢ (RIDGE) જેને અપભ્રંશ કરીને રીંછ ગઢ કરી દેવામાં આવ્યું છે. ચારે બાજુ પર્વતો અને ત્રણ દરવાજાઓ સાથે વચ્ચે નાનુ ફળિયા જેવું મેદાન... મસ્ત જગ્યા છે... અહીં અશોકા ફિલ્મ તથા 'તકદીર' ફિલ્મના શુટીંગ થયા છે.

સનસેટ જોવા માટે ત્યાં એક 'રાજેન્દ્રગીરી' નામક સ્થળ પણ સુંદર છે. આ સ્થળનું નામ 'પેનોરમા ગિરિ' હતું, કારણ કે ત્યાંથી પચમઢીની સાતપુરા પર્વતમાળાઓનો 'પેનોરેમિક વ્યુ' જોવા મળે છે. પરંતુ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ જ્યારે પચમઢી આવ્યા ત્યારે પછી તેનું નામ 'રાજેન્દ્ર ગિરિ' રાખવામાં આવ્યું.

ત્યાર પછી એક સ્થળ છે 'હાંડી ખો' - જેને સુસાઈડ પોઈન્ટ પણ કહેવાય છે. લોકવાયકા છે કે 'હાંડી' નામક અંગ્રેજો અહીંથી કૂદીને આત્મહત્યા કરી હતી માટે આ સ્થળનું નામ 'હાંડી ખો' છે... ૩૦૦ ફૂટ ઊંડી ઘાટીનું અદશ્ય મનોહમ્ય છે... વનવાસી લોકો આ ઘાટીમાં વેલાઓ દ્વારા ઉતરીને વનઔષધી લઈ આવે છે...

આ સ્પોટ પર ચડતી વખતે ચાલતા - ચાલતા જતા હતા તે દરમિયાન અમારા ગાઈડે એક આમલીના ઝાડ જેવા વૃક્ષના ડાળખામાંથી ઝીણું પાંદડું અમને આપ્યું અને તે નખ જેટલા પાંદડાને ચાવી જવા કહ્યું... તેને ખાતી વખતે કોઈજ પ્રકારનો સ્વાદ ન આવ્યો... ઉપર પહોંચીને તે ગાઈડે અમને લીંબુ શરબત વાળાને ત્યાંથી અમને મુઠ્ઠીમાં ખાંડ આપી અને ખાઈ જવા કહ્યું... આશ્ચર્યજનક રીતે તે ખાંડના બુકડો ભરવા છતાં કોઈ સ્વાદ નહોતો આવતો...

માત્ર તે સમય પૂરતું જ નહીં લગભગ ચાર-પાંચ કલાક સુધી અમારું મોઢું સ્વાદ રહીત થઈ ગયું. માત્ર નખ જેટલા પાંદડાનો આવો પ્રતાપ! તે ગાઈડે અમને સમજાવ્યું કે આ વનસ્પતિનો ઉપયોગ સુગરની દવા બનાવવા માટે થાય છે...

આપણા દેશની આ ધરતીનો વારસો જ યોગ્ય માનજતથી ઉપયોગમાં લેવામાં આવે તો આપણો ઉદ્ધાર થઈ જાય.

જટાશંકર, ગુપ્ત મહાદેવ અને બડે મહાદેવ એ ગુફાઓમાં સ્વયંભૂ શિવલિંગ વાળા મંદિર છે, કોઈ અદ્ભૂત શાંતિનો અનુભવ અહીં થાય છે. ધૂપગઢ અને અહીં મધ્યભારતમાં વિંધ્ય અનો સાતપુડા પર્વતમાળાનું સૌથી ઊંચું બિંદુ છે... ભાગ્યે જ વપરાતી હવાઈપટ્ટી ધુપગઢ તરફ આવેલી છે. તેના પર ઘાસ ઊગી નીકળ્યું છે. ગુપ્ત મહાદેવથી ૧૪૦૦ જેટલા દુર્ગમ પગથિયા ચડીને ઉપર તરફ જઈએ એટલે ચૌરાગઢ નામક સુંદર શંકરનું મંદિર આવે છે... શિવરાત્રીના દિવસે અહીં મેળા જેવું વાતાવરણ હોય છે...

પહેલા 'ફોરસેથ પેઈન્ટ' અને હવે 'પ્રિયદર્શની' તરીકે ઓળખાતો આ પોઈન્ટ પણ અદ્ભૂત વાદીઓનું પેનારોમિક દર્શન કરાવે છે. આ પોઈન્ટ પર ઈન્દિરા ગાંધી આવ્યા હતા. ત્યારબાદ આ જગ્યાને તેમના બાળપણના નામ 'પ્રિયદર્શીની' પોઈન્ટ તરીકે ઓળખ આપવામાં આવી...

મધ્યપ્રદેશ ટુરીઝમની ઘણી સ્વચ્છ અને વિશાળ જગ્યામાં આવેલી હોટેલ રહેવા માટે ઉત્તમ છે. હોશંગાબાદ જિલ્લામાં આવેલું પચમઢી ૩૩૦૦ ફુટની ઊંચાઈ પર વસેલું નાનકડું શહેર છે. આ નગરનો મોટાભાગનો માર્ગ ભારતીય સેનાના તાબા હેઠળનો છે.

એક આડ વાત... હાલમાં ભલે મધ્યપ્રદેશમાં કિસાન આંદોલન (કોંગ્રેસ પ્રેરિત કે વિઘ્નસંતોષી પ્રેરિતની ચર્ચામાં નથી પડવું) ચાલતું હોય પરંતુ કાન્હાથી છત્તીસગઢ તરફનો વિસ્તાર ઘણા સમય પહેલા નક્સલ પ્રભાવિત વિસ્તાર કહેવાતો હતો... પરંતુ શિવરાજસિંહની સરકાર બન્યા પછી છેલ્લા દસ વર્ષ દરમિયાન તેમણે આ વિસ્તારપના દરેક ઘર દીઠ એક વ્યક્તિને સરકારી નોકરી આપી દીધી. એટલે રોજગારીનો પ્રાણપ્રશ્ન પણ નાબૂદ થઈ ગયો...

અને ઉપરોક્ત વાસ્તવિકતા અમને ત્યાંનો સ્થાનિક ડ્રાઈવર અને હોટેલ મેનેજર જેવા તટસ્થ લોકો દ્વારા જાણવા મળી... નકસલવાદ સમાપ્ત કરવાનો આ શ્લાધનીય પ્રયાસ છે.

ત્રણ સપ્તાહથી ચાલતી મધ્યપ્રદેશ યાત્રાનો આ છેલ્લો મણકો છે... પ્રવાસ આપણા શરીરમાં નવી ઉર્જા પૂરે છે, તો સાથે સાથે વ્યક્તિ તરીકે વધુ પરિપક્વ અને સહિષ્ણુ બનાવવાનું પણ કામ કરે છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

નોંધ : ગત સપ્તાહે આ જ લેખ થોડી ટેકનિકલ ક્ષતિ સાથે અધુરો છપાયેલ હતો...યાત્રા પ્રેમી ત્થા વિચારયાત્રા પ્રેમી આપ વાચકોની ફરમાઈશને અનુમોદન આપીને લેખ પુનઃ પૂર્ણ સ્વરૂપમાં સમાવિષ્ટ કરવા બદલ તંત્રીશ્રીનો આભાર.

# ગાંધી વિચારોને ક્યારેય સમયની કે ભૂગોળની સરહદ નડી નથી



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'મારે ગાંધીજીના જીવન વિશે જાણવું છે એટલે હું આ ટ્રેનમાં જવાનો છું.'

માત્ર ૧૨ વર્ષની ઉંમરના કિશોર મીતે અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશને એક મુલાકાતમાં આ શબ્દો ઉચ્ચાર્યા ત્યારે સહુને રાજીપો થયો હતો.

અવસર હતો અમદાવાદ સ્થિત સત્યાગ્રહ આશ્રમ (સાબરમતી આશ્રમ) ની સ્થાપનાના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગ રૂપે આઈ.આર.સી.ટી.સી. દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જીવન યાત્રા સાથે સંકળાયેલા અગત્યના સ્થળોને આવરી લેતી આસ્થા સ્પેશિયલ ટુરિસ્ટ ટ્રેન (ગાંધી દર્શન) ના શુભારંભનો ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લીલીઝંડી આપીને આ ટ્રેનને વિદાય આપી કહ્યું હતું કે ભારતને જગત જનની બનાવવામાં ગાંધી આચાર-વિચાર આદર્શો જ ઉપર્યુક્ત થશે.





લોકો ગાંધીજીના જીવનમૂલ્યો જાણે અને સમજે તે હેતુથી ગાંધીદર્શન ટ્રેન દોડાવવાનું આયોજન કરાયું છે. ટુર પેકેજીસમાં ટિકીટ, શાકાહારી આહાર, ધર્મશાળા ખાતે નિવાસ, સ્થળોની મુલાકાત, ટુર એસ્કોર્ટનો સમાવેશ કરાયો છે. કુલ ૯ રાત્રી અને ૧૦ દિવસનો પ્રવાસ હશે. આઈ.આર.સી. ટી.સી. દ્વારા ગાંધી મૂલ્યો સ્થળોના પ્રવાસને આવરી લેતી ટ્રેનનું આયોજન પ્રથમવાર કરાયું હતું.

ગાંધીજીએ આચરણમાં મુકેલા અને પ્રવચનો કે વ્યવહાર થકી પ્રબોધેલા જીવન મૂલ્યો આજે પણ પ્રત્યેક માણસ માટે એટલા જ ઉપકારક છે એની પ્રતીતિનો અનુભવ ભારતીબહેન, રમીલાબહેન, સોની ક્રિષ્ણભાઈ સોની તથા જગદીશભાઈ જેવા અનેક મુસાફરોને થઈ રહ્યો હતો.

તારીખ ૧૬ જુન સુધીમાં અમદાવાદ ૨૫૨, આણંદ ૪૦, વડોદરા ૧૧૭, ભરૂચ ૨૦, સુરત ૧૧૧ અને આઈ.ટી.સી.ટી.સી. દ્વારા ૬૦ મળીને અંદાજે ૬૦૦ જેટલા યાત્રીઓએ તો એમના કન્ફર્મ બુકીંગ પણ કરાવી દીધા હતા. દરેક રેલવે સ્ટેશન પર પ્રવાસીઓનું સ્વાગત સફેદ ટોપી અને સુરતની આંટીથી કરાયું હતું. આઈ.આર.ટી.સી.ટી.ના અધિકારી, જિલ્લા કલેકટર કચેરીના અધિકારી તથા સ્થાનિક પદાધિકારીઓ રેલવે સ્ટેશનો પર પ્રવાસીઓના સ્વાગતમાં સામેલ થયા હતા.

ગાંધીજી એ શેગાવ ગામમાં વસવાટ કર્યો હતો જેનું તેઓએ પુનઃ નામ કરી 'સેવાગ્રામ' કર્યું હતું. રાષ્ટ્રીય બાબતો, ચળવળો અને આયાતને લગતા ઘણા નિર્ણયો સેવાગ્રામમાં લેવાયા હતા.

ગાંધીજીના અનુયાયી મીરાબેન એક ઝૂંપડીમાં ગામડાના માણસોને કાંતણ-પીંજણ શીખવતા. સમય જતા ગાંધીજી અને કસ્તુરબા ઝૂંપડીમાં રહ્યા હતા અને એ પછી આ ઝૂંપડી 'બાપુ કુટી' અને 'બાપુના કાર્યાલય' તરીકે ઓળખાય છે.

સ્વર્ગસ્થ જમનાલાલ જે મંદિરના દ્વારા ૧૯-૦૭-૧૯૧૮નાના રોજ 'હરીજનો' માટે ખોલ્યા તે લક્ષ્મીનારાયણ મંદિર વિષ્ણુ અને લક્ષ્મી માતાને સમર્પિત છે.

મોતિહારી નગરમાં આવેલ ગાંધી સંગ્રહાલયમાં ચંપારણ સત્યાગ્રહના સ્મૃતિચિહ્નો અને તસવીરોનો વિશાળ સંગ્રહ આવેલો છે. ગાંધીજીને સમર્પિત આ મ્યુઝિયમ દર્શનાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

૧૮-૦૪-૧૯૧૭ના રોજ ગાંધીજી મોતીહારીની કોર્ટમાં ઉપસ્થિત રહ્યા તે સ્થળે ૪૮ ફુટ લાંબો મુનાર સ્ટોન પિલ્લર ભારતના સ્વતંત્રતા ચળવળનું પ્રારંભનું કેન્દ્ર છે.

ભગવાન બુદ્ધને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું તે મહાબોધિ મંદિર સંકુલ, વારાણસી નજીક આવેલું સારનાથ મંદિર, વારાણસીનું વિશ્વ પ્રસિદ્ધ કાશી વિશ્વનાથ મંદિર, મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠ, અલ્હાબાદનો ત્રિવેદી સંગમ, અલ્હાબાદનું આનંદ ભવન જેવા અનેક સ્થળોની યાત્રા આસ્થા સ્પેશિયલ ટુરિસ્ટ ટ્રેન કરાવશે.

સમારોહમાં ઉપસ્થિત સહુએ આઈ.આર.સી.ટી.સી. અને ગુજરાત પ્રવાસને નિગમ લિમિટેડના આ ટ્રેન શરુ કરવાના પ્રયાસને બિરદાવી મહાત્મા ગાંધીના જીવન મૂલ્યોનું સ્મરણ કર્યું હતું.

'વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે' ભજન જેમનો જીવન મંત્ર હતું એવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન મૂલ્યો - વિચારો - એમણે જ્યાં જ્યાં રહીને કાર્યો કર્યો એ સ્થળો, એમના સ્મરણો જ્યાં સરાવાળા એ મ્યુઝિયમો... આ બધું જ આજે પણ સાવ નાના બાળકથી લઈને વૃદ્ધ સુધીના સહુ માટે એટલું જ પ્રેરક બની રહ્યું છે.

ગાંધી વિચારોને ક્યારેય સમયની કે ભૂગોળની સરહદ નડી નથી. ગાંધીજી આજે પણ દેશ-વિદેશની નવી પેઢી માટે એટલા જ પ્રસ્તુત છે એનો ખ્યાલ આજે પણ એમના વિશે જાણકારી મેળવી રહેલા - કિશોરો - યુવાઓને મળીએ ત્યારે આવે છે. 'સત્યાગ્રહ' શબ્દ દ્વારા જેમણે આપણા દર્શને આઝાદી અપાવવામાં પ્રધાન ભૂમિકા ભજવી એ મહાત્મા ગાંધીના જીવન મૂલ્યો સાથે જોડાયેલું કોઈ પણ આયોજન થાય ત્યારે ગાંધીજીના જીવન મૂલ્યો જેવા સદ્ગુણોરૂપી આચરણના નાનકડા દીવડા પ્રગટે છે ને આસપાસ એના અજવાળા રેલાય છે.

●●●

કામની અધિકતા નહિ, કામની અનિયમિતતા માનવીને મારે છે.

**- મહાત્મા ગાંધી**